





# કુવૈતની મોટી ભૂલ: અમેરિકાના 3 ફાઈટર જેટ્સ તોડી પાડ્યા

**ઈરાન** સામેના યુદ્ધ દરમિયાન 'ફ્રેન્ડલી ફાયર'ની ઘટના; તમામ 6 પાયલોટ સુરક્ષિત

દુબઈ, તા. 2 (એપી): અમેરિકી સૈન્યએ સોમવારે જણાવ્યું હતું કે કુવૈતે લડાયક મિશન દરમિયાન 'ભૂલથી' ત્રણ અમેરિકન એફ-15ઈ સ્ટ્રાઈક ઈગલ્સ તોડી પાડ્યા હતા જ્યારે ઈરાને દેશ પર હુમલો કર્યો હતો.

યુએસ મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે આ લડાઈમાં ઈરાની વિમાનો, બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન દ્વારા કરવામાં આવેલા હુમલાઓનો સમાવેશ થાય છે, આ પ્રથમ વખત છે જ્યારે ઈરાનનો વર્ષો જૂનો લડાયક કાફલો યુદ્ધમાં સામેલ થયો છે.

તેણે કહ્યું, 'યુએસ એરફોર્સના ફાઈટર જેટ્સ કુવૈતી એર ડિફેન્સ દ્વારા ભૂલથી તોડી પાડવામાં આવ્યા હતા. તમામ છ એરક્રૂ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા, તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે અને તેઓ સ્થિર સ્થિતિમાં છે. કુવૈતે આ ઘટનાનો સ્વીકાર કર્યો છે, અને અમે કુવૈતી સંરક્ષણ દળોના પ્રયત્નો અને આ ચાલુ ઓપરેશનમાં તેમના સમર્થન માટે આભારી છીએ.'

# ભારત સરકારે ખામેનેઈની હત્યાને કેમ વખોડી નહીં?

**સરકારી** સૂત્રોએ જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ખામેનેઇએ અનેક વખત ભારતની બાબતમાં દખલગીરી કરી હતી

નવી દિલ્હી, તા. ૨: ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યાને ભારતે વખોડી નથી, જો કે આ જ ભારત સરકારે હાલ થોડા વર્ષ પહેલા ઈરાનના પ્રમુખ અલી રફસંજાનીનું હેલિકોપ્ટર અકસ્માતમાં અવસાન થયું ત્યારે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. હાલમાં ભારતે માત્ર શાંતિપૂર્ણ મંત્રણા દ્વારા યુદ્ધનો અંત લાવવા અપીલ કરી છે.

આનું કારણ જણાવતા સૂત્રો જણાવે છે કે ભારત સાથે ખમેનીના સંબંધો છેલ્લા કેટલાક વર્ષોથી આદર્શ રહ્યા નથી. સરકારી સૂત્રોને ટાંકીને અહેવાલો જણાવે છે કે ભારતની બાબતોમાં ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાએ (2010 થી 2024 દરમિયાન) ચાર વખત હસ્તક્ષેપ કર્યો હતો, જેના કારણે વિદેશ મંત્રાલયે દર વખતે ઈરાની દૂતોને તેડું મોકલવું પડ્યું હતું.

**ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ**

સરકારી સૂત્રો મુજબ, ૨૦૧૦થી ૨૦૨૪ દરમિયાન ખામેનેઈએ ચાર વખત ભારતની આંતરિક બાબતોમાં એવી ટિપ્પણીઓ કરી હતી જેનાથી ભારત નારાજ હતું:

કાશ્મીર મુદ્દો: ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ ખામેનેઈએ કાશ્મીરી મુસ્લિમો માટે 'ન્યાય'ની માંગ કરી ભારત પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

દિલ્હી રમખાણો (૨૦૨૦): તેમણે દિલ્હીના રમખાણોને 'મુસ્લિમોનો નરસંહાર' ગણાવીને સોશિયલ મીડિયા પર »IndianMuslimsInDanger હેશટેગનો ઉપયોગ કર્યો હતો, જે ભારતીય વિદેશ મંત્રાલયને જરાય પસંદ નહોતું આવ્યું.

CAA વિરોધ: ઈરાની સંસદે ભારતના નાગરિકતા સુધારા કાયદાને 'મુસ્લિમ વિરોધી' ગણાવી તેની આકરી ટીકા કરી હતી.

સપ્ટેમ્બર ૨૦૨૪નું વિવાદાસ્પદ ટ્વિટ: ખામેનેઈએ ભારતને ગાઝા અને મ્યાનમાર જેવા અશાંત દેશોની હરોળમાં મૂકી દીધું હતું, જેને ભારતે 'ભ્રમિત કરનારું અને અસ્વીકાર્ય' ગણાવ્યું હતું.

# કોણ બનશે ખામેનેઈના ઉત્તરાધિકારી?

**37 વર્ષ** પછી બીજી વાર પ્રક્રિયા શરૂ; 88 ધર્મગુરુઓની પેનલ લેશે ઈરાનનું ભવિષ્ય નક્કી કરતો નિર્ણય

તેહરાન, ૨ માર્ચ: ઈરાનના નેતાઓ સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના ઉત્તરાધિકારી શોધવા માટે મથામણ કરી રહ્યા છે, જેમણે અમેરિકા અને ઈઝરાયેલના આકસ્મિક બોમ્બમારામાં માર્યા ગયા તે પહેલા ૩૭ વર્ષ સુધી દેશ પર શાસન કર્યું હતું.

૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી આ માત્ર બીજી વખત છે જ્યારે નવા સર્વોચ્ચ નેતાની પસંદગી કરવામાં આવી રહી છે. સંભવિત ઉમેદવારોમાં પશ્ચિમી દેશો સાથે સંઘર્ષ માટે મક્કમ એવા કટ્ટરપંથીઓથી લઈને રાજદ્વારી જોડાણ ઈચ્છતા સુધારાવાદીઓ સુધીના નેતાઓનો સમાવેશ થાય છે. દેશમાં યુદ્ધ, શાંતિ અને વિવાદાસ્પદ પરમાણુ કાર્યક્રમ સહિતના તમામ મહત્વના નિર્ણયો પર સર્વોચ્ચ નેતાનો આખરી નિર્ણય હોય છે. અત્યારે વચગાળાના સુપ્રીમ લીડર જેમને માનવામાં આવે છે તે વરિષ્ઠ શિયા ધર્મગુરુ રેઝા અરાફી તથા પ્રમુખ પેઝેશ્કીયાન સહિતના સભ્યોનો સમાવેશ ધરાવતી કાઉન્સિલ દેશનું માર્ગદર્શન કરી રહી છે. સર્વોચ્ચ નેતાની નિમણૂક વિશેષજ્ઞોની સભા તરીકે ઓળખાતી 88 સભ્યોની પેનલ દ્વારા કરવામાં આવે છે, જેઓ કાયદા મુજબ ઝડપથી ઉત્તરાધિકારીનું નામ નક્કી કરવા માટે બંધાયેલા છે. આ પેનલમાં શિયા ધર્મગુરુઓનો સમાવેશ થાય છે, જેઓ ઈરાનની બંધારણીય વોચડોગ ગણાતી ગાર્ડિયન કાઉન્સિલ દ્વારા તેમની ઉમેદવારી મંજૂર કરવામાં આવ્યા બાદ જનતા દ્વારા ચૂંટાય છે.

અત્યારે સુપ્રીમ લીડરના હોદ્દા માટે મર્હુમ અલી ખામેનીના પુત્ર મોજતબા ખામેની, વરિષ્ઠ શિયા ધર્મગુરુ અલી રેઝા અરાફી, ભૂતપૂર્વ પ્રમુખ અને મધ્યમમાર્ગી નેતા હસન રૂહાની, ઈસ્લામીક રિપબ્લિકના સ્થાપક ખોમેનીના પૌત્ર હસન ખોમેની, કટ્ટરવાદીઓના માનીતા વરિષ્ઠ શિયા ધર્મગુરુ મોહમ્મદ મેહદી મીરબઘેરી વગેરેના નામો ચર્ચામાં છે.

## ઈરાનના સુપ્રીમ લીડર બાદ હવે તેમના પત્નીનું પણ નિધન



તેહરાન, તા. 2: ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીના પત્ની મન્સૂરેહ ખોજાસ્તેહ બાઘેરઝાદેહનું શનિવારે મોત થયું હતું - તેમનું અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં થયેલી ઈજાઓને કારણે મૃત્યુ થયું છે, તે 79 વર્ષના હતા. તસ્નીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, શનિવારે થયેલા હુમલામાં ખામેનીના મૃત્યુ પછી તે કોમામાં હતા. બંનેના લગ્ન 1964માં થયા હતા અને તે મોટા ભાગે જાહેર જીવનથી દૂર રહેતા હતા. તેમના વિશે બહુ ઓછી માહિતી ઉપલબ્ધ છે, પરંતુ આ દંપતીના છ બાળકો હતા.86 વર્ષીય ખામેની શનિવારે વહેલી સવારે તેહરાનમાં અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં તેમના સંકુલ પર બોમ્બમારામાં માર્યા ગયા હતા. ઈરાની સરકારી મીડિયાએ રવિવારે આ મૃત્યુની પુષ્ટિ કરી હતી. આ હુમલામાં તેમના પરિવારના ચાર સભ્યો, જેમાં તેમની પુત્રી અને એક પૌત્રનો સમાવેશ થાય છે, તે પણ માર્યા ગયા હતા. ખામેનીના ટોચના સલાહકાર અલી શમખાની અને ઈરાનના શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડ્સના વડા જનરલ મોહમ્મદ પાકપોર પણ મૃતકોમાં સામેલ હતા. એક મુખ્ય બચી ગયેલી વ્યક્તિ, ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા અલી લારિજાનીએ બદલાની પ્રતિજ્ઞા લીધી છે. ખામેની ક્રાંતિના સ્થાપક રૂહોલ્લાહ ખામેનીના ઉત્તરાધિકારી હતા. 1989થી તેમની 'વાર્તા' પશ્ચિમી પ્રભાવ સામે અતૂટ પડકારની હતી.

## બગદાદ એરપોર્ટ પર યુએસ સૈનિકો પર ડ્રોન હુમલો

દુબઈ, તા. 2 (એપી): એક ઈરાકી શિયા મિલિશિયાએ સોમવારે ઈરાકની રાજધાની બગદાદના એરપોર્ટ પર અમેરિકન સૈનિકોને નિશાન બનાવીને ડ્રોન હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ હુમલાથી ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીની હત્યાના બદલાની આશંકા વધુ વકરી છે. આ જૂથ, 'સરાયા અવલિયા અલ-દમ' 2003માં અમેરિકાના નેતૃત્વમાં થયેલા ઈરાક આક્રમણ બાદ ઈરાકમાં સક્રિય શિયા મિલિશિયા જૂથો પૈકીનું એક છે, જેણે સદ્દામ હુસેનને સત્તા પરથી હટાવ્યા હતા. અમેરિકા અને ઈરાકે આ દાવા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે લેબનીઝ જૂથ હિઝબુલ્લાહ સહિત ઈરાન-સમર્થિત મિલિશિયાઓ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરાયેલા યુદ્ધમાં કૂદી પડ્યા છે, જેમાં ઈરાનના ધર્મતંત્ર (થિયોક્રસી)ને લક્ષ્યાંક બનાવીને હવાઈ હુમલા કરવામાં આવ્યા છે.

ઓપરેશન સિંદુર પછી સમારકામ હેઠળ મૂકાયેલ

# પાક.ના નૂરખાન એરબેઝ પર અફઘાન હુમલો

**અફઘાન** તાલિબાન દળોએ ડ્રોન વડે હુમલા કર્યા, સમારકામ જોખમમાં મૂકાયું, વધુ નુકસાન થયું

**ક્વેટા** અને ખૈબર પખ્તુનખ્વાના અન્ય લશ્કરી મથકો પર પણ તાલિબાનના ડ્રોન હુમલા

ક્વેટા, તા. ૨: અફઘાન તાલિબાન દળોએ રાવલપિંડીમાં પાકિસ્તાનના નૂર ખાન એરબેઝ પર સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવીને સશસ્ત્ર ડ્રોન હુમલા કર્યા હોવાના અહેવાલો બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવમાં ભારે વધારો થયો છે. આ ઘટનાક્રમ ખાસ કરીને સંવેદનશીલ છે કારણ કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય દળો દ્વારા જે પાકિસ્તાની સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવ્યા હતા તેમાં નૂર ખાન એરબેઝ પણ સામેલ હતું. મે 2025 માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસીય તીવ્ર સંઘર્ષના નવ મહિના પછી પણ આ બેઝ પર પુનઃનિર્માણ કાર્ય ચાલુ હતું, ત્યારે અફઘાન તાલિબાન દ્વારા કરાયેલા આ નવા હુમલાએ સમારકામના કામને જોખમમાં મૂક્યું છે અને વધુ નુકસાન પહોંચાડ્યું છે.

અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર X એકાઉન્ટ અનુસાર, તાલિબાન દળોએ ક્વેટામાં 12મી ડિવિઝન હેડક્વાર્ટર અને ખૈબર પખ્તુનખ્વાના અન્ય લશ્કરી સ્થળો પર ડ્રોન હુમલા કર્યા હતા. મંત્રાલયે જણાવ્યું કે, આજે સંરક્ષણ મંત્રાલયની વાયુસેનાએ પાકિસ્તાનના મુખ્ય લશ્કરી મથકો વિરુદ્ધ ચોક્કસ અને સંકલિત હવાઈ કામગીરી હાથ ધરી હતી, જેમાં રાવલપિંડીનું નૂર ખાન એરબેઝ, ક્વેટાનું 12મું ડિવિઝન હેડક્વાર્ટર, ખૈબર પખ્તુનખ્વાના મોહમંદ એજન્સીમાં આવેલો ખ્વાઝાઈ કેમ્પ તેમજ અન્ય મહત્વપૂર્ણ પાકિસ્તાની સૈન્ય સુવિધાઓ અને કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. અફઘાન સંરક્ષણ મંત્રાલયના હેન્ડલ દ્વારા આ ડ્રોન ફૂટેજ પણ શેર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષના મે મહિનામાં ઓપરેશન સિંદુર પછી ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલેલી લડાઈમાં આ એરબેઝને ભારે નુકસાન થયું હતું.

1,000થી ઓછી રકમ ધરાવતા ખાતાઓના સેટલમેન્ટ માટે પાયલોટ પ્રોજેક્ટ

# પીએફ પર 8.25% વ્યાજ યથાવત

**સરકારની** મંજૂરી મળ્યા બાદ વ્યાજની રકમ ઈપીએફઓના 7 કરોડથી વધુ સબ્સ્ક્રાઇબર્સના ખાતામાં જમા કરાશે

**ઈન્કમ** ટેક્સ માન્ય ટ્રસ્ટોને શરતોને આધીન દંડ કે પેનલ્ટીમાં માફી મળી શકશે

EPF, EPS અને EDLIની '2026' નવી સ્કીમ્સ લાગુ થશે

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): રિટાયરમેન્ટ ફંડ બોડી એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) દ્વારા સોમવારે વર્ષ 2025-26 માટે પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ) પર મળતા વ્યાજ દરોની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાએ સતત બીજા વર્ષે વ્યાજ દર 8.25 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેનારી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (સીબીટી)એ સોમવારે કેન્દ્રીય મંત્રી મન્સુખ માંડવિયાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય લીધો હતો. સીબીટીના આ નિર્ણય બાદ, વર્ષ 2025-26 માટેના વ્યાજ દરની દરખાસ્ત હવે નાણા મંત્રાલય પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે. સરકારની અંતિમ મંજૂરી મળ્યા પછી, આ વ્યાજની રકમ ઈપીએપઓના 7 કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સના ખાતામાં જમા કરવામાં આવશે. અગાઉના વર્ષોમાં વ્યાજ દરોમાં સતત ફેરફાર જોવા મળ્યા છે, જેમાં વર્ષ 2018-19માં તે 8.65 ટકા અને 2015-16માં 8.8 ટકા જેટલા ઊંચા સ્તરે હતા. જોકે, હાલની સ્થિરતા રોકાણકારો માટે રાહતના સમાચાર છે.

બેઠકમાં વ્યાજ દરો ઉપરાંત અનેક પાયાના સુધારા મંજૂર કરાયા છે. ઈપીએફઓ દ્વારા 'એમ્નેસ્ટી સ્કીમ' જાહેર કરવામાં આવી છે, જે અંતર્ગત ઈન્કમ ટેક્સ માન્ય ટ્રસ્ટોને 6 માસમાં કાયદાકીય પાલન કરવાની તક મળશે અને શરતોને આધીન દંડ કે પેનલ્ટીમાં માફી મળી શકશે. આ ઉપરાંત, જૂની યોજનાઓના સ્થાને નવી ઈપીએફ સ્કીમ 2026, ઈપીએસ 2026 અને ઈડીએલઆઈ સ્કીમ 2026 લાગુ કરવાની મંજૂરી અપાઈ છે.

સભ્યોના હિત માટે રૂ. 1,000 કે તેથી ઓછી રકમ ધરાવતા નિષ્ક્રિય ખાતાઓના સેટલમેન્ટ માટે 'પાયલોટ પ્રોજેક્ટ' શરૂ કરાશે. માર્ચ 2025 સુધીમાં ઈપીએફઓનું કુલ ભંડોળ રૂ. 28.34 લાખ કરોડને વટાવી ગયું છે, જેના રોકાણ અને દેખરેખ માટે નવી એસઓપી તૈયાર કરવામાં આવી છે. હાયર પેન્શન અંગેની અપડેટ મુજબ, 17.49 લાખ અરજીઓમાંથી 15.24 લાખ અરજીઓનો નિકાલ 23 ફેબ્રુઆરી, 2026 સુધીમાં કરી દેવામાં આવ્યો છે. વ્યાજ દરોના ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ 2024-25 માટે પણ વ્યાજ દર 8.25 ટકા જ હતો. અગાઉ વર્ષ 2022-23માં આ દર 8.15 ટકા હતો, જે વર્ષ 2023-24માં વધારીને 8.25 ટકા કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, માર્ચ 2022માં ઈપીએફઓએ વર્ષ 2021-22 માટે વ્યાજ દર ઘટાડીને 8.10 ટકા કર્યો હતો, જે છેલ્લા ચાર દાયકાનો સૌથી નીચો દર હતો. આ અગાઉ વર્ષ 1977-78માં વ્યાજ દર 8 ટકા જેટલો નીચો રહ્યો હતો.

# બહેરીન રણમેદાન બન્યું...

**અમેરિકી** નેવી બેઝ અને સિવિલિયન વિસ્તારો પર ઈરાનનો મિસાઈલ મારો અમેરિકાના 3 સૈનિકોના મોત



અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા બહેરીનને નિશાન બનાવ્યું છે. બહેરીન વ્યૂહાત્મક રીતે મહત્વનું છે કારણ કે ત્યાં અમેરિકી નૌસેનાના 'ફિફ્થ ફ્લીટ'નું મુખ્ય મથક આવેલું છે. અમેરિકી નેવી બેઝ પર હુમલો: મનામામાં આવેલા અમેરિકી નૌકાદળના બેઝ પર ઈરાની મિસાઈલો ત્રાટકી હતી. આ હુમલામાં ૩ અમેરિકી સૈનિકોના મોત થયા છે અને ૫ ઘાયલ થયા છે. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે આનો બદલો લેવાની જાહેરાત કરી છે. કોમર્શિયલ ટેન્કર પર નિશાન: બહેરીન પોર્ટ પર ઉભેલા અમેરિકાના ધ્વજ ધરાવતા 'સ્ટેના ઈમ્પેરેટિવ' ટેન્કર પર બે મિસાઈલો લાગતા તેમાં ભીષણ આગ લાગી હતી. રહેણાંક વિસ્તારોમાં તબાહી: મનામાની પ્રખ્યાત 'ક્રાઉન પ્લાઝા' હોટેલ અને 'બ્રેકર' એપાર્ટમેન્ટ ટાવર પર ડ્રોન અને મિસાઈલના અવશેષો પડતા આગ લાગી હતી અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.

એરપોર્ટ બંધ: બહેરીન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ડ્રોન હુમલો થતા હાલ વિમાની સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે.

બહેરીન સૈન્યની કાર્યવાહી

બહેરીન એર ડિફેન્સે ઈરાન તરફથી આવતા ખતરાને રોકવા પૂરી તાકાત લગાવી દીધી છે:

૪૫ મિસાઈલ અને ૯ ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં આવ્યા છે.

જોકે, તોડી પાડવામાં આવેલી મિસાઈલોનો કાટમાળ પડવાથી સલમાન ઈન્ડસ્ટ્રિયલ સિટીમાં એક એશિયન શ્રમિકનું મોત થયું છે.

બંને દેશો વચ્ચે વાર્ષિક ૫૦ અબજ ડોલરના વેપારનો લક્ષ્યાંક

# ભારત-કેનેડા વચ્ચે સીમાચિન્હરૂપ યુરેનિયમ કરાર

**ભારતની** મુલાકાતે આવેલા કેનેડિયન વડાપ્રધાન માર્ક કાર્ની સાથે વડાપ્રધાન મોદીની વિસ્તૃત મંત્રણા, આતંકવાદને બંને દેશોએ માનવતા સામેનો પડકાર ગણાવ્યો

**સંબંધોમાં** નવી ઉર્જાનો સંચાર, આ વર્ષના અંત સુધીમાં વેપાર કરાર કરવા નિર્ધાર

**ભારતના** અણુ વિજળી મથકો માટે કેનેડા ૨૦૨૭થી ૨૦૩૫ વચ્ચે ૯૯૭૯૦૦૦ કિલોગ્રામથી વધુ યુરેનિયમ મોકલશે

**યુરેનિયમ** અને મહત્વપૂર્ણ ખનિજોના કરારો ઉપરાંત અન્ય છ કરારો થયા



નવી દિલ્હી, તા. ૨(પીટીઆઈ): ભારત અને કેનેડાએ સોમવારે યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજોના પુરવઠા માટેના મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા છે અને ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારને 50 અબજ યુએસ ડોલર સુધી લઈ જવા સહિત સંબંધોને મજબૂત કરવા માટે એક નવું માળખું તૈયાર કર્યું છે. વર્તમાનમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારનું કદ આશરે 13 અબજ ડોલર છે.

તેમની વ્યાપક મંત્રણામાં, બંને નેતાઓએ સંરક્ષણ, અગત્યની ટેકનોલોજી, નાના અને મોડ્યુલર પરમાણુ રિએક્ટર, શિક્ષણ અને પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મોદીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો હવે નવી ઉર્જા, પરસ્પર વિશ્વાસ અને સકારાત્મકતાથી ભરેલા છે. કેનેડા 2.6 અબજ ડોલરના યુરેનિયમ સપ્લાય કરાર હેઠળ ભારતના સિવિલ ન્યુક્લિયર એનર્જી સેક્ટરને ટેકો આપવા માટે તૈયાર છે. વડાપ્રધાને કહ્યું કે બંને પક્ષો સંમત થયા છે કે આતંકવાદ, કટ્ટરવાદ અને ઉગ્રવાદ એ માત્ર ભારત અને કેનેડા માટે જ નહીં પરંતુ સમગ્ર માનવતા માટે સામાન્ય અને ગંભીર પડકારો છે. તેમણે કહ્યું, વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે આની સામે આપણો ગાઢ સહયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. મોદી અને કાર્નીએ પશ્ચિમ એશિયાની નાજુક સુરક્ષા સ્થિતિ પર પણ ચર્ચા કરી હતી, જેમાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા તમામ સંઘર્ષોના ઉકેલને સમર્થન આપે છે. બંને દેશોએ આજે ભારત સરકાર અને સાસ્કાટૂન સ્થિત કેમેકો વચ્ચે 2.6 અબજ ડોલરનો કરાર કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ભારતને 2027 થી 2035 દરમિયાન પરમાણુ ઉર્જા ઉત્પાદન માટે આશરે 2.2 કરોડ પાઉન્ડ (૯૯૭૯૦૦૦ કિલોગ્રામથી વધુ) યુરેનિયમ સપ્લાય કરવામાં આવશે. આ યુરેનિયમ ભારતના અણુ વિજળી મથકો માટે વાપરવામાં આવશે. યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજો પરના કરારો ઉપરાંત, ભારત અને કેનેડાએ અન્ય છ સમજૂતી પત્રો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ભારત-કેનેડા વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) માટેની સંદર્ભ શરતો પરના એમઓયુનો પણ સમાવેશ થાય છે. મોદી-કાર્ની વાટાઘાટોનું મહત્વનું પરિણામ વ્યાપારી સંબંધોને વિસ્તારવાનો તેમનો નિર્ણય હતો, જે પગલું ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કેનેડાના વધતા જતા ખરાબ આર્થિક સંબંધો વચ્ચે આવ્યું છે. સંબંધોને મજબૂત બનાવવાની આ નવી હિલચાલ 2023 માં ખાલિસ્તાની અલગતાવાદીની હત્યા અંગેના રાજદ્વારી વિવાદ પછી ગંભીર તણાવમાં આવેલા સંબંધોને ફરીથી સ્થાપિત કરવાના બંને પક્ષોના ચાલુ પ્રયાસોના ભાગરૂપે આવી છે. સંરક્ષણ ક્ષેત્રે વધતા સહયોગ અંગે મોદીએ કહ્યું કે આ પરસ્પર વિશ્વાસ અને સંબંધોની પરિપક્વતા દર્શાવે છે. તેમણે જાહેરાત કરી કે, અમે સંરક્ષણ ઉદ્યોગો, મેરીટાઈમ ડોમેન અવેરનેસ અને સૈન્ય આદાનપ્રદાન વધારવા માટે કામ કરીશું. આ હેતુ માટે, આજે અમે ભારત-કેનેડા સંરક્ષણ સંવાદ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. પોતાના સંબોધનમાં કાર્નીએ વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી શરૂ કરવાની વાત કરી હતી, જેમાં સ્વચ્છ ઉર્જા, ઈલેક્ટ્રિક વાહનો અને અદ્યતન ઉત્પાદન માટે સુરક્ષિત સપ્લાય ચેઈનનો સમાવેશ થાય છે. કાર્નીએ યુરેનિયમ સપ્લાય કરારને સ્વચ્છ અને વિશ્વસનીય ઉર્જા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું.

### કેનેડાના દુર્લભ ખનિજોના ભંડારનો લાભ ભારતને મળશે

વડાપ્રધાને જણાવ્યું હતું કે મહત્વપૂર્ણ ખનિજો પરના સમજૂતી કરાર સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે. કેનેડા તેના મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી સામગ્રીના નોંધપાત્ર ભંડાર માટે જાણીતું છે. ઉર્જા ક્ષેત્રમાં, બંને દેશો 'નેક્સ્ટ જનરેશન પાર્ટનરશિપ' બનાવી રહ્યા છે, જે હાઇડ્રોકાર્બન તેમજ રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન અને એનર્જી સ્ટોરેજ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### કેનેડિયન યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલશે

AI, હેલ્થકેર અને કૃષિમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી રહી છે અને કેનેડિયન યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલવા માટે સંમત થઈ છે.